# સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકા

**ગુજરાત રાજ્યમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અંતર્ગત રાજ્યના વિદ્યાર્થીઓમાં માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા અને ગૌરવ તેમજ ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ગુજરાત ક્વિઝ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની નવી પેઢીને ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સમજ આપતી ક્વિઝ સ્પર્ધા યોજાનાર છે.**




ધોરણ ૫થી ૮ એટલે કે કિશોર વર્ગની સ્પર્ધા માટે સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રથમ ૧થી ૩ પાનાંમાં સમાવેલા ૩૦૦ પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

ધોરણ ૯ થી ૧૨- તરુણ વર્ગની સ્પર્ધા માટે સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રથમ ૧થી ૪ પાનાંમાં સમાવેલા ૪૦૦ પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

સ્નાતક કક્ષા - યુવા વર્ગની સ્પર્ધા માટે સ્વર્ણિમ ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના સઘળાં ૫૦૦ પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

● પ્રાચીન ગુજરાતની વિશ્વવિખ્યાત વિદ્યાપીઠનું નામ જણાવો. - **વલભી વિદ્યાપીઠ** ● ગુજરાતમાં સૌપ્રથમ પ્લેનેટોરિયમ ક્યાં સ્થપાયું હતું? - **સુરત** ● ડાંગ જિલ્લાનું વડું મથક કયું છે? - **આહ્વા** ● પોતાના શાસનકાળમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા? - **મહારાજા સયાજીરાવ ગાયકવાડ-વડોદરા** ● ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા કોણ ગણાય છે? - **મોતીભાઈ અમીન** ● ગુજરાતમાં સૌથી મોટું પુસ્તકાલય કયું છે? - **સેન્ટ્રલ લાઈબ્રેરી-વડોદરા** ● અનાથ બાળકોને આશ્રય મળી રહે તે માટેની શુભ શરૂઆત કોણે કરી? - **મહિપતરામ રૂપરામ** ● ગુજરાતમાં જામનગર નજીક સૈનિકશાળા ક્યાં આવેલી છે? - **બાલાછડી** ● ગુજરાતમાં રાષ્ટ્રભાષાના પ્રચાર માટે કઈ સંસ્થા કામ કરે છે? - **ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા સમિતિ** ● શાળાએ જતા બાળકોને વીમા કવચ પૂરું પાડતી ગુજરાત સરકારની યોજનાનું નામ જણાવો. - **વિદ્યાદીપ યોજના** ● ગાંધીજીએ ભાવનગરની કઈ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો? - **શામળદાસ કૉલેજ** ● કયા ક્રાંતિકારી દેશભક્ત ઑક્સફર્ડ યુનિ.માં સંસ્કૃતના અધ્યાપક હતા? - **શ્યામજીકૃષ્ણ વર્મા** ● ભારતમાં ટેલિકૉમ ક્રાંતિ લાવવામાં કયા ગુજરાતીએ અગ્રણી ભૂમિકા ભજવી છે? - **સામ પિત્રોડા** ● ગુજરાતમાં જન્મેલા કયા ગણિતજ્ઞએ શૂન્યનો આવિષ્કાર કર્યો હોવાનું મનાય છે? - **બ્રહ્મગુપ્ત** ● પ્રજ્ઞાચક્ષુઓ માટે ગુજરાતમાં કઈ સંસ્થા કાર્યરત છે અને તે ક્યાં આવેલી છે? - **અંધજન મંડળ-અમદાવાદ** ● સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવા માટે સ્થપાયેલી જ્યોતિસંઘ સંસ્થાના પ્રણેતા કોણ હતાં? - **ચારુમતી યોદ્ધા** ● અમદાવાદમાં સૌપ્રથમ કન્યાશાળા કોણે સ્થાપી? - **હરકુંવર શેઠાણી (૧૮૫૦)** ● મહાગુજરાત આંદોલન કોની આગેવાની હેઠળ થયું હતું? - **ઈન્દુલાલ યાજ્ઞિક** ● ગુજરાતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મિલની સ્થાપના કોણે કરી? - **રણછોડલાલ છોટાલાલ (૧૮૬૦)** ● કઈ સંસ્થા પૌરાણિક હસ્તપ્રતો અને શિલાલેખોની જાળવણી અને સંશોધનનું કામ કરે છે? - **લાલભાઈ દલપતભાઈ ઈન્ડોલૉજી** ● ગુજરાતની વિધાનસભા કયા મહાનુભાવના નામ ઉપરથી છે? - **વિઠ્ઠલભાઈ પટેલ** ● ગુજરાત રાજ્યનાં સૌ પ્રથમ રાજ્યપાલ (૧૯૬૦માં) કોણ હતા? - **મહેંદી નવાઝ જંગ** ● ગુજરાત રાજ્યના સૌપ્રથમ મુખ્યમંત્રી કોણ હતા? - **ડૉ. જીવરાજ મહેતા** ● ગુજરાતમાં 'વિધવા વિવાહ' પર નિબંધ લખવા બદલ કયા સુધારકને ઘર છોડવું પડ્યું? - **કરસનદાસ મૂળજી** ● ગુજરાતના કયા જાણીતા પક્ષીવિદ્‌ને 'પદ્મભૂષણ'થી સન્માનિત કરાયા છે? - **સલીમઅલી** ● ગાંધીજી કોને ચરોતરનું મોતી કહેતા? - **મોતીભાઈ અમીન** ● ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા? - **કલ્યાણ વી. મહેતા** ● ગુજરાતના પ્રથમ ભૌતિક વિજ્ઞાની કોણ હતા? - **ડૉ. વિક્રમ સારાભાઈ** ● કવિ કલાપીનું પૂરું નામ શું છે? - **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ** ● સોલંકીવંશના રાજવી કુમારપાળે કોની પ્રેરણાથી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો? - **હેમચંદ્રાચાર્ય** ● આર્યસમાજની સ્થાપના કોણે કરી હતી? - **સ્વામી દયાનંદ સરસ્વતી** ● હરિજન આશ્રમમાં હૃદયકુંજ કોનું નિવાસસ્થાન હતું? - **ગાંધીજી** ● સહજાનંદ સ્વામીનું મૂળ નામ શું હતું? - **ઘનશ્યામ** ● હિંદ છોડો આંદોલન દરમિયાન ગુજરાત કૉલેજમાં ત્રિરંગો લહેરાવવા જતાં કોણે શહીદી વહોરી? - **વિનોદ કિનારીવાલા** ● સરદાર સરોવર યોજનાનો શિલાન્યાસ કોના હસ્તે થયો હતો? - **પંડિત જવાહરલાલ નહેરુ** ● ભારતને આઝાદી મળ્યા બાદ સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કોણે કર્યો? - **સરદાર વલ્લભભાઈ પટેલ** ● ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી કોણ હતા? - **ઈન્દુમતીબહેન શેઠ** ● જગપ્રસિદ્ધ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના આદ્યસ્થાપક કોણ હતા? - **ધીરુભાઈ અંબાણી** ● 'બા' ના હુલામણા નામથી કોણ વિશ્વપ્રસિદ્ધ છે? - **કસ્તુરબા ગાંધી** ● ૩૫ કિ.મી. પહોળી ઈંગ્લિશ ખાડીને ૧૨ કલાકમાં પાર કરનાર ગુજરાતનો યુવાન તરવૈયો કોણ છે? - **સુફિયાન શેખ** ● ગાંધીજીનાં માતા-પિતાના નામ જણાવો. - **માતા પૂતળીબાઈ અને પિતા કરમચંદ ગાંધી** ● પોરબંદરમાં આવેલું ગાંધીજીનું મકાન કયા નામે ઓળખાય છે? - **કીર્તિમંદિર** ● ગુજરાતમાં આદિવાસી અને હરિજનોના બાપા તરીકે કોણ ઓળખાતા? - **અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (ઠક્કરબાપા)** ● ગાંધીજીને સાઉથ આફ્રિકામાં રેલવેની ફર્સ્ટક્લાસની ટિકિટ હોવા છતાં બિન ગોરા હોવાને નાતે ચાલુ મુસાફરીએ સામાન સાથે ટ્રેનમાંથી ધક્કો મારીને ઉતારી દેવામાં આવ્યા. એ રેલવે સ્ટેશન કયું હતું? - **પીટર મારિત્ઝબર્ગ** ● સશસ્ત્ર ક્રાંતિની હિમાયત કરનારા સૌપ્રથમ ગુજરાતી કોણ હતા? - **શ્યામજીકૃષ્ણ વર્મા** ● પરદેશમાં સૌપ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવનાર ગુજરાતી કોણ હતા? - **મેડમ ભિખાઈજી કામા** ● ગુજરાત રાજ્યના ઉદ્‌ઘાટક કોણ હતા? - **રવિશંકર મહારાજ** ● હરિજનોના ઉત્કર્ષ માટે ગાંધીજીએ કયું ગુજરાતી વિચારપત્ર શરૂ કર્યું હતું? - **હરિજન બંધુ** ● સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ ક્યાં થયો હતો ? - **ટંકારા (જિ. રાજકોટ)** ● ગુજરાતનાં કયાં નગરોમાં શિયાળામાં સૌથી વધુ ઠંડી અને ઉનાળામાં સૌથી વધુ ગરમી પડે છે ? - **ઠંડી-નલિયા અને ગરમી-ડીસા** ● સ્વામી દયાનંદ સરસ્વતીએ રચેલા ગ્રંથનું નામ જણાવો. - **સત્યાર્થપ્રકાશ** ● નરસિંહ મહેતાની દીકરીનું નામ શું હતું? - **કુંવરબાઈ** ● કયા સંતે પોતાની આખી જિંદગી રક્તપિત્તનાં દર્દીઓની સેવામાં વીતાવી? - **સંત અમરદેવીદાસ** ● ભારતમાં બે જુદી — જુદી નદીના નીર એકત્રિત કરવાનું કાર્ય સૌ પ્રથમ કયા રાજ્યએ કર્યું? - **ગુજરાત** ● સંત પુનિત મહારાજે શરૂ કરેલું કયું માસિક આજેય લોકપ્રિય છે? - **જનકલ્યાણ** ● મા-બાપને ભૂલશો નહિ... - ભજનની રચના કોણે કરી હતી? - **સંત પુનિત મહારાજ** ● નડિયાદમાં હરિ ઓમ આશ્રમ શરૂ કરનાર સંત કયા હતા? - **પૂજ્ય શ્રી મોટા** ● સસ્તું સાહિત્યના સ્થાપક કોણ હતા? - **ભિક્ષુ અખંડાનંદ** ● સંત બોડાણાનો જન્મ ક્યાં થયો હતો? - **ડાકોર** ● વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ કયા સત્યાગ્રહની સફળતાપૂર્વક આગેવાની કરવા બદલ મળ્યું હતું? - **બારડોલી સત્યાગ્રહ** ● નરસિંહ મહેતાનો જન્મ ક્યાં થયો હતો? - **તળાજા** ● ભક્ત કવયિત્રી ગંગાસતીનું વતન કયું હતું? - **સમઢિયાળા (જિ. ભાવનગર** ● ડાકોર મંદિરની સાથે કયા સંતની ભક્તિકથા જોડાયેલી છે? - **સંત બોડાણા** ● 'તમે ભલે દૂબળાં હો, પણ કાળજું વાઘ અને સિંહનું રાખો' એવું કહેનાર નેતા કોણ હતા? - **સરદાર વલ્લભભાઈ પટેલ** ● પૂજ્ય મોટાએ લોકોને કયા મંત્રની સાધના કરવા કહ્યું? - **હરિ ૐ** ● સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક કોણ હતા? - **સહજાનંદ સ્વામી** ● કાંકરિયા તળાવ કોણે બંધાવેલું? - **સુલતાન કુત્બુદ્દીન** ● અમૂલ ડેરીના સ્થાપકનું નામ જણાવો. - **ત્રિભુવનદાસ પટેલ** ● રણજી ટ્રૉફી કોના નામ સાથે સંકળાયેલી છે? - **જામ રણજીતસિંહજી (જામનગર)** ● 'ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ' આ મલાવ તળાવ કયા શહેરમાં આવેલું છે? - **ધોળકા** ● ગાંધીજીના અંગત સચિવ કોણ હતા? - **મહાદેવભાઈ દેસાઈ** ● ઈ.સ. ૬૪૦માં ગુજરાતના પ્રવાસે કયો ચીની પ્રવાસી આવ્યો હતો? - **હ્યુ-એન-ત્સંગ** ● વિશ્વપ્રસિદ્ધ ગુજરાતી બિલિયર્ડ ખેલાડીનું નામ જણાવો. - **ગીત શેઠી** ● વિશ્વપ્રસિદ્ધ ગુજરાતી બિલિયર્ડ ખેલાડીનું નામ જણાવો. - **ગીત શેઠી** ● જાણીતા નાટ્યકાર જયશંકર સુંદરીનું મૂળ નામ જણાવો. - **જયશંકર ભોજક** ● 'ચકોર' તરીકે ઓળખાતા ગુજરાતના જાણીતા કાર્ટૂનિસ્ટનું નામ જણાવો. - **બંસીલાલ વર્મા** ● કયા જાણીતા ચિત્રકારે સાંસ્કૃતિક મેગેઝિન 'કુમાર'ની શરૂઆત કરી હતી? - **રવિશંકર રાવળ**

● મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'ના લેખક કોણ છે? - **નારાયણ દેસાઈ** ● ભારતની સૌથી મોટી સૉફ્ટવેર કંપની વિપ્રોના ચૅરમૅન કયા ગુજરાતી છે? - **અઝીમ પ્રેમજી** ● ગાંધી જયંતી (૨ ઑક્ટોબર) દુનિયાભરમાં બીજા કયા નામે પણ ઉજવાય છે? - **આંતરરાષ્ટ્રીય અહિંસા દિન** ● ગુજરાતભરમાં બાળકોમાં પ્રિય એવી કાંકરિયાની બાલવાટિકાના સર્જક કોણ હતા? - **રુબિન ડેવિડ** ● અંબાજી તીર્થ કઈ પર્વતમાળામાં આવેલું છે? - **અરવલ્લી** ● સાપુતારા કઈ પર્વતમાળામાં આવેલું છે? - **સહ્યાદ્રિ** ● ગુજરાત રાજ્યનો કયો પ્રદેશ 'ગુજરાતના બગીચા' તરીકે ઓળખાય છે? - **મધ્ય ગુજરાત** ● પાલીતાણાનાં જૈન મંદિરો કયા પર્વત પર આવેલા છે? - **શેત્રુંજય** ● સુરત શહેર કઈ નદીના કાંઠે વસેલું છે? - **તાપી** ● ગુજરાતનો સૌથી મોટો બંધ કયો છે? - **સરદાર સરોવર ડેમ** ● સયાજીરાવ મ્યુઝિયમ ક્યાં આવેલું છે? - **વડોદરા** ● સીદી સૈયદની જાળી ક્યાં આવેલી છે? - **અમદાવાદ** ● ગુજરાતની શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના કયા મુખ્યમંત્રીએ દાખલ કરી હતી? - **માધવસિંહ સોલંકી** ● ઇન્દ્રોડા પાર્ક (પ્રાણીસંગ્રહાલય) ક્યાં આવેલું છે? - **ગાંધીનગર** ● ગુજરાતના કયા અભયારણ્યમાં રીંછ જોવા મળે છે? - **જેસોર** ● ગુજરાતમાં અક્ષરધામ મંદિર ક્યાં આવેલું છે? - **ગાંધીનગર** ● ગુજરાતનો કયો જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ભારતભરમાં સૌથી મોટો ગણાય છે? - **કચ્છ(૪૫,૬૫૨ ચો. કિ.મી)** ● ઉકાઈ બંધ કયા જિલ્લામાં આવેલો છે? - **તાપી** ● ગુજરાતમાં ડાયનોસોરનાં ઈંડાં ક્યાંથી મળી આવ્યા છે? - **રૈયાલી** ● ગુજરાતમાં એક હજાર બારીઓવાળો મહેલ ક્યાં આવેલો છે? - **રાજપીપળા** ● ગુજરાતમાં કઈ જગ્યાએ સરદાર સરોવર આવેલું છે? - **કેવડિયા કોલોની** ● વિશ્વપ્રસિદ્ધ કાળિયાર પાર્ક ગુજરાતમાં ક્યાં આવેલું છે? - **વેળાવદર** ● સોલંકી વંશનો સૌથી વધુ પરાક્રમી, હિંમતવાન અને મુત્સદ્દી રાજવી કોણ હતો? - **સિદ્ધરાજ જયસિંહ** ● ગુજરાતના પ્રસિધ્ધ ઘઉંની જાતિનું નામ જણાવો. - **ભાલિયા** ● ભાવનગરના કયા ધરામાંથી દુષ્કાળમાં પણ પાણી ખૂટતું નથી? - **તાતણિયો ધરો** ● વિશાળ હમીરસર તળાવ ક્યાં આવેલું છે? - **ભૂજ** ● ગાંધીજીએ દાંડીકૂચ કયા અન્યાયી કર કાયદાના ભંગ કરવાના આશયથી કરી હતી? - **મીઠા** ● ગુજરાતમાં કયા સ્થળે સાત નદીઓનો સંગમ થાય છે? - **વૌઠા** ● ગુજરાતનું સૌથી મોટું થર્મલ પાવર સ્ટેશન ક્યાં આવેલું છે? - **ધુવારણ** ● ભરૂચ શહેર કઈ નદીના કિનારે વસેલું છે? - **નર્મદા** ● ગુજરાતનાં મધ્યભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે? - **કર્કવૃત્ત** ● ઉદવાડામાં આવેલી કઈ અગિયારી જોવાલાયક છે? - **પવિત્ર ઈરાનશો ફાયર ટેમ્પલ** ● ગુજરાતનાં એકમાત્ર આંતરરાષ્ટ્રીય વિમાન મથકનું નામ શું છે? - **સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ** ● ગુજરાતના કયા મેળામાં ઊંટોનું વેચાણ થાય છે? - **કાત્યોક** ● દૂધસાગર ડેરી ક્યાં આવેલી છે? - **મહેસાણા** ● નેશનલ ડેરી ડેવલપમેન્ટ કૉર્પોરેશનનું વડું મથક ક્યાં આવેલું છે? - **આણંદ** ● સમાજસેવક અને દેશભક્ત શ્રી રવિશંકર મહારાજને કયું ઉપનામ મળ્યું હતું? - **મૂઠી ઊંચેરો માનવી** ● ગુજરાતમાં દીપડા અને સાબર માટે કયું અભયારણ્ય છે? - **બરડીપાડા (જિ. ડાંગ)** ● રીંછ માટે ગુજરાતમાં કયા સ્થળે અભયારણ્ય બનાવવામાં આવ્યું છે? - **રતનમહાલ** ● ગુજરાતમાં સૌથી ઊંચુ શિખર કયું છે? - **ગોરખનાથનું શિખર-ગિરનાર** ● ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે? - **અમદાવાદ** ● ગુજરાતની સરહદ કયા દેશને સ્પર્શે છે? - **પાકિસ્તાન** ● ગુજરાત માટે 'ગૂર્જર દેશ' એ શબ્દ પ્રયોગ કયા શાસકના સમયમાં શરૂ થયો? - **મૂળરાજ સોલંકી** ● ઇસબગુલનું સૌથી વધુ ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે? - **મહેસાણા** ● ગુજરાતનું સૌપ્રથમ નેચર ઍજ્યુકેશન સેન્ટર ક્યાં આવેલું છે? - **હિંગોળગઢ** ● ગુજરાતમાં કુલ કેટલી મોટી નદીઓ આવેલી છે? - **સાત** ● મોઢેરાનું સૂર્યમંદિર કયા રાજાના શાસનકાળ દરમિયાન બાંધવામાં આવ્યું હતું? - **રાજા ભીમદેવ** ● ગુજરાતનું સૌથી મોટું 'કૃત્રિમ સરોવર' કયું છે? - **સરદાર સરોવર** ● ગુજરાતની સૌથી મોટી સિંચાઈ યોજના કઈ છે? - **સરદાર સરોવર નર્મદા યોજના** ● ગુજરાતનું સૌથી મોટું ખાતરનું કારખાનું કયું છે? - **ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઇઝર કંપની** ● ગુજરાતનું સૌથી મોટું બંદર કયું છે? - **કંડલા** ● ગુજરાતમાં આવેલી એશિયાની સૌથી મોટી હૉસ્પિટલ કઈ છે? - **સિવિલ હૉસ્પિટલ-અમદાવાદ** ● કાંકરિયા તળાવના મધ્યે આવેલી નગીનાવાડી બનાવવાનું પ્રયોજન શું હતું? - **સુલતાનોના ગ્રીષ્મકાલિન નિવાસ માટે** ● ગુજરાત નજીક કયો સમુદ્ર છે? - **અરબી સમુદ્ર** ● ગુજરાતની સૌથી મોટી નદી કઈ છે? - **નર્મદા** ● ગુજરાતના કયા વિસ્તારમાં શિયાળા દરમિયાન સૌથી ઓછું તાપમાન જોવા છે? **નલિયા (-૦.૫ ડિગ્રી સે.)** ● પ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા? - **મોરારજી દેસાઈ** ● ગુજરાતમાં સૌથી વધુ વરસાદ ક્યાં પડે છે? - **ડાંગ** ● સરદાર સરોવર બંધનું શિલારોપણ કોણે કર્યુ હતું? - **પંડિત જવાહરલાલ નહેરુ** ● વિશ્વપ્રસિદ્ધ પટોળા ગુજરાતમાં ક્યાં બને છે? - **પાટણ** ● કવિ નર્મદને કયું બિરુદ આપવામાં આવ્યું છે? - **વીર** ● ગુજરાતના કયા કવિને રાષ્ટ્રીય શાયરનું બિરુદ મળ્યું છે? - **ઝવેરચંદ મેઘાણી** ● જૈનોનાં પવિત્રધામ પાલિતાણામાં કેટલાં દેરાસરો છે? - **૮૬૩** ● વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કયો છે? - **કચ્છ** ● એશિયામાં સૌપ્રથમ ફરતી રેસ્ટોરન્ટ ક્યાં બનેલી છે? - **સુરત** ● ભાવનગર પાસેના કયા સ્થળે પ્રાચીન સમયમાં વિદ્યાપીઠ હતી? - **વલભીપુર** ● સિધ્ધપુરનું પ્રાચીન નામ શું હતું? - **શ્રીસ્થલ** ● એક માન્યતા પ્રમાણે તાપી નદી કયા દેવતાની પુત્રી કહેવાય છે? - **સૂર્ય** ● અમદાવાદમાં ગાંધીજીએ સૌપ્રથમ કયો આશ્રમ સ્થાપ્યો? - **કોચરબ આશ્રમ** ● ગુજરાતમાં આવનારી પ્રથમ યુરોપિયન સત્તા કઈ હતી? - **પોર્ટુગીઝ** ● ગુજરાતનાં કયા શહેર પર પોર્ટુગીઝ શાસન હતું? - **દીવ** ● ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણી ક્યાંના મૂળ નિવાસી હતા? - **ચોરવાડ** ● 'બારડોલી સત્યાગ્રહ' કઈ સાલમાં થયો હતો? - **૧૯૨૮** ● 'અસહકાર' ચળવળનો આરંભ કઈ સાલમાં થયો હતો? - **૧૯૨૦** ● મોઢેરાનું સૂર્યમંદિર કોણે બનાવડાવ્યું? - **ભીમદેવ** ● પ્રાચીનકાળમાં ગુજરાતનું કયું બંદર મરી-મસાલા અને રેશમના વ્યાપાર માટેનું જાણીતું હતું? - **ભરૂચ** ● ગાંધીજીને 'બાપુ'નું બિરૂદ કયા સત્યાગ્રહમાં મળ્યું? - **ચંપારણ સત્યાગ્રહ** ● ગુજરાત રાજ્યની સ્થાપના પછી કયું શહેર પાટનગર બન્યું? - **અમદાવાદ** ● ગાંધીજીનું અમદાવાદમાં આવેલા નિવાસસ્થાનનું નામ શું હતું? - **હૃદય કુંજ** ● વડોદરા રાજ્યમાં કયા મરાઠા રાજવીઓનું શાસન હતું? - **ગાયકવાડ** ● આબુમાં આદિનાથનું આરસમંદિર કોણે બંધાવ્યું હતું? - **વિમલ મંત્રી** ● ગુજરાતનો કયો જિલ્લો વિશ્વની સૌથી મોટી ફ્લેમિંગો વસાહત માટે જાણીતો છે? **કચ્છ** ● ગુજરાતનું કયું શહેર 'મક્કાનું પ્રવેશદ્વાર' ગણાતું હતું? - **સુરત** ● ઈ.સ. ૧૯૧૯માં કયા ઍક્ટ વિરુદ્ધ ગુજરાતમાં હડતાળ પડી? - **રૉલેટ ઍક્ટ** ● નારાયણ સરોવરની પાસે કયું જૈન તીર્થ આવેલું છે? - **શંખેશ્વર** ● ભીલોના ઉત્કર્ષ માટે ૧૯૨૨માં 'ભીલ સેવામંડળ'ની સ્થાપના કોણે કરી હતી? - **ઠક્કરબાપા** ● ગાંધીજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો? - **૨ ઑક્ટોબર, ૧૮૬૯ પોરબંદર** ● ગાંધીજીનો નિર્વાણ દિન કયો છે? - **૩૦ જાન્યુઆરી, ૧૯૪૮** ● 'મુનસર' તળાવ કોણે બંધાવેલું? - **મીનળદેવી** ● હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ કયું છે? - **ધંધુકા** ● હેમચંદ્રાચાર્યનું સાંસારિક નામ શું હતું? - **ચાંગદેવ** ● ગુજરાતના ઈતિહાસમાં કયા કાળને સુવર્ણકાળ કહેવામાં આવે છે? - **સોલંકી યુગ** ● અમદાવાદમાં પતંગ મ્યુઝિયમ ક્યાં આવેલું છે? - **ટાગોર હોલ, પાલડી** ● કવિ અખો અમદાવાદમાં ક્યાં રહેતા હતા? - **દેસાઈની પોળ, ખાડિયા** ● હાલનું વડનગર પ્રાચીનકાળમાં કયા નામે ઓળખાતું હતું? - **આનર્તપુર** ● શિયાળામાં અમદાવાદ જિલ્લાના કયા સ્થળે ૨૦૦થી વધારે જાતિના વિદેશી પક્ષીઓ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બને છે? - **નળ સરોવર** ● કયો મોગલ રાજા ગુજરાતને હિંદનું આભૂષણ માનતો હતો? - **ઔરંગઝેબ** ● હેમચંદ્રાચાર્ય રચિત સિદ્ધહેમ કઈ ભાષામાં રચાયું હતું? - **પ્રાકૃત** ● કુમારપાળે કોની પ્રેરણાથી જૈન ધર્મ સ્વીકાર્યો હતો? - **હેમચંદ્રાચાર્ય** ● સાબરકાંઠા જિલ્લાની મુખ્ય નદી કઈ છે? - **હાથમતી** ● ગુજરાતમાં રેલવેની શરૂઆત ક્યારે થઈ? - **ઈ.સ. ૧૮૫૫** ● ગુજરાત રાજ્યનો કયો વિસ્તાર ગીચ જંગલો, વિવિધ જાતિના વન્ય જીવો, આદિવાસી સંસ્કૃતિ તેમજ અદ્‌ભૂત કુદરતી સૌંદર્યને કારણે અન્ય પ્રદેશો કરતાં અલગ તરી આવે છે? **ડાંગ** ● ગુજરાતમાં ટેલિવિઝનનો પ્રારંભ ક્યારે થયો? - **૧૫ ઑગષ્ટ, ૧૯૭૫** ● ગુજરાત રાજ્યમાં હાલમાં કેટલા જિલ્લા છે? - **૨૬** ● ગુજરાતમાં પારસીઓને આશ્રય આપનાર રાજાનું નામ જણાવો. - **જાદી રાણા** ● લોથલ કેટલા વર્ષ પહેલાનું બંદર હશે એમ મનાય છે? **૪૦૦૦ વર્ષ પહેલાનું** ● ભારતમાં પારસીઓ ગુજરાતના કયા બંદર પર આવ્યા? - **સંજાણ બંદર** ● બનાસ નદીનું પ્રાચીન નામ શું છે? - **પર્ણાશા** ● દાંડીકૂચની શરૂઆત ક્યારે થઈ હતી? - **૧૨ માર્ચ, ૧૯૩૦** ● ગુજરાતનું પાટનગર કયું છે? - **ગાંધીનગર**

● ગુજરાતમાં કુલ કેટલાં ગામડાં આવેલાં છે? - **૧૮,૧૯૨** ● પાવાગઢમાંથી નીકળતી એક મહત્ત્વની નદીનું નામ કયા ઋષિના નામ પરથી પડ્યું છે? - **વિશ્વામિત્ર** ● ગુજરાતમાં કુલ કેટલી ગ્રામ પંચાયતો આવેલી છે? - **૧૩,૧૮૭** ● ગુજરાતમાં કુલ કેટલી તાલુકા પંચાયતો આવેલી છે? - **૨૨૬** ● ગુજરાતનું કયું શહેર સૌથી વધુ વસતી ધરાવે છે? - **અમદાવાદ** ● ભારતનું સૌથી મોટું પ્રાણીસંગ્રહાલય કયું છે? - **કમલા નહેરૂ ઝુઓલોજિકલ પાર્ક, કાંકરિયા, અમદાવાદ** ● વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત ભારતમાં કયા સ્થાને આવે છે?- **સાત** ● ગુજરાત રાજ્યની મુખ્ય ભાષા કઈ છે? - **ગુજરાતી (૯૦ ટકા)** ● ગુજરાતમાં ગુજરાતી બાદ સૌથી વધુ બોલાતી ભાષા કઈ છે? - **મરાઠી** ● ગુજરાતનો કયો જિલ્લો સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવે છે? - **જામનગર (૩૫૪ કિ.મી.)** ● ગુજરાત ભારતમાં કઈ દિશાએ આવેલું છે? - **પશ્ચિમ** ● જામનગરમાં આવેલા કયા કિલ્લાને સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે? **લાખોટા ફોર્ટ** ● દ્વારકાધિશ મંદિરમાં કેટલા થાંભલા છે? - **૬૦** ● મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમની સ્થાપના ક્યારે કરી હતી? - **ઈ.સ. ૧૯૧૭** ● મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ કયા શહેરમાં આવેલું છે? - **વડોદરા** ● ઈ.સ. ૧૯૩૦માં અમદાવાદથી કેટલા કિ.મી. ચાલીને દાંડીકૂચ કરવામાં આવી હતી? - **૩૮૫ કિ.મી.** ● ગિરનાર પર્વતને કેટલાં પગથિયાં છે? - **૪૦૦૦** ● ગિરનાર પર્વત પર મલ્લીનાથનું સુપ્રસિદ્ધ મંદિર કોણે બંધાવ્યું હતું? - **વસ્તુપાલ-તેજપાલ** ● સોમનાથ મંદિરની ટોચે ચઢાવવામાં આવેલા કળશનું વજન કેટલું છે? - **૧૦ ટન** ● ગાંધીજી હરિજન આશ્રમમાં કેટલો સમય રહ્યા હતા? - **૧૩ વર્ષ** ● વડોદરા શહેરમાંથી કઈ નદી વહે છે? - **વિશ્વામિત્રી** ● અમદાવાદ-મુંબઈને જોડતી ટેલિફોન લાઇન સૌપ્રથમ કયા વર્ષમાં નાંખવામાં આવી? - **૧૮૫૦** ● ગુજરાતના સૌથી ઊંચા શિખર ગોરખનાથની ઊંચાઈ કેટલી છે? - **૩૬૬૬ ફૂટ** ● હડપ્પીય સંસ્કૃતિનો ઉદય ગુજરાતમાં ક્યારે થયો હતો? - **ઈ.સ. પૂર્વે ૨૪૦૦** ● ખેતીવાડીનાં ઓજારો માટે ગુજરાતનું સૌથી જાણીતું સ્થળ કયું છે? - **રાજકોટ** ● આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદના સિદ્ધાંત પર સંશોધન કાર્ય કરનાર ગુજરાતી ગણિતજ્ઞનું નામ જણાવો.- **ડૉ. પી.સી. વૈદ્ય** ● ગુજરાતમાં નેનો કાર બનાવવાનો પ્લાન્ટ ક્યાં આવેલો છે? - **સાણંદ** ● ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ ગુજરાતમાં કયું સ્થળ ટોચ પર છે? - **અંકલેશ્વર** ● ગીરા ધોધ કયા જિલ્લામાં આવેલો છે? - **ડાંગ** ● ગુજરાતના કયા શહેરમાં સૌથી વધુ શાળાઓ આવેલી છે? - **અમદાવાદ** ● મોઢેરાના સૂર્યમંદિરને બાંધવા માટે કેટલા કારીગરો રાખવામાં આવ્યા હતા? - **૧૨૦૦** ● વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સંશોધકોને કયા ઍવૉર્ડથી નવાજવામાં આવે છે? - **ડૉ. વિક્રમ સારાભાઈ ઍવૉર્ડ** ● ગુજરાતનું કયું શહેર પૂર્વના દેશોનું માન્ચેસ્ટર તરીકે ઓળખાતું? - **અમદાવાદ** ● ગાંધીજીએ રાજકોટની કઈ શાળામાં અભ્યાસ કર્યો હતો? - **સર આલ્ફ્રેડ હાઈસ્કૂલ** ● અમદાવાદનું કાંકરિયા તળાવ કેટલી બાજુઓ ધરાવે છે? - **૩૪** ● ભારતીય ક્રિકેટ ટીમમાં સૌથી નાની વયે સ્થાન પામનાર વિકેટ કીપર-બેટ્સમેનનું નામ જણાવો. - **પાર્થિવ પટેલ** ● એશિયાનું સૌથી મોટું ઓપન એર થિયેટર ક્યાં આવેલું છે? - **અમદાવાદ (ડ્રાઈવ ઈન સિનેમા)** ● અમદાવાદમાં સૌપ્રથમ થિયેટરની સ્થાપના કોણે કરી હતી? - **ડાહ્યાભાઈ ઝવેરી** ● ઈ.સ. ૧૮૪૪માં બ્રિટીશ ન્યાયતંત્રમાં જોડાનારા સૌપ્રથમ ગુજરાતી કોણ હતા? - **ભોળાનાથ સારાભાઈ** ● વરાળથી ચાલતા સૉ જીનની શરૂઆત અમદાવાદમાં સૌપ્રથમ કોણે કરી? - **ત્રિભુવન શેઠ** ● ગુજરાતનું સૌથી મોટું સરોવર નળ સરોવર કેટલા વિસ્તારમાં ફેલાયેલું છે? - **૧૮૬ ચો. કિ.મી.** ● ગુજરાતના કયા શહેરમાં સચિન તેંડુલકરે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટનાં ૩૦,૦૦૦ રન પૂરા કર્યા? - **અમદાવાદ** ● ભારતીય અવકાશ સંશોધનના પિતા કોણ છે? - **ડૉ. વિક્રમ સારાભાઈ** ● ગુજરાતી મૂળની પ્રથમ મહિલા અવકાશયાત્રીનું નામ જણાવો. - **સુનિતા વિલિયમ્સ** ● ગુજરાતી ભાષાનાં જાણીતાં વિજ્ઞાન પાક્ષિક અને તેના પ્રકાશકનું નામ જણાવો. - **સફારી - નગેન્દ્ર વિજય** ● ચેસની રમતમાં ફિડેરેટિંગ મેળવનાર વિશ્વનો સૌથી નાની વયનો ગુજરાતનો ખેલાડી કોણ છે? - **પ્રતીક પારેખ** ● ગુજરાતનું સૌ પ્રથમ થ્રી-ડી થિયેટર ક્યાં આવેલું છે? - **સાયન્સ સિટી-અમદાવાદ** ● અમદાવાદમાં આવેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનું નામ શું છે? - **મોટેરા સ્ટેડિયમ** ● ટૅબલ ટેનિસમાં ગુજરાતનો નંબર ૧ ખેલાડી કોણ છે? - **પથિક મહેતા** ● ગુજરાત ક્રિકેટ એસોસિએશન(જીસીએ)નું મુખ્ય મથક ક્યાં આવેલું છે? - **અમદાવાદ** ● અપર્ણા પોપટ કઈ રમત સાથે સંકળાયેલા મહિલા ખેલાડી છે? - **બેડમિન્ટન** ● વર્લ્ડ ચિલ્ડ્રન ચેસ ચૅમ્પિયનશીપ જીતનાર સૌપ્રથમ ગુજરાતી કોણ છે? - **રિદ્ધિ શાહ** ● ટેસ્ટ ક્રિકેટમાં હેટ્રિક લેનાર એકમાત્ર ભારતીય ઝડપી ગોલંદાજ કોણ છે? - **ઈરફાન પઠાણ** ● ચેસમાં ગુજરાતને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના અપાવનાર ખેલાડીનું નામ શું છે?- **તેજસ બાકરે** ● સ્કેટિંગમાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને અર્જુન ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર ગુજરાતના પ્રથમ ખેલાડી કોણ છે? - **નમન પારેખ** ● વડોદરાના કયા બંધુઓએ ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન જમાવ્યું છે? - **ઈરફાન પઠાણ અને યુસુફ પઠાણ** ● ભક્ત કવયિત્રી મીરાં કઇ સાલમાં ગુજરાતની દ્વારિકા નગરીમાં આવીને વસ્યાં હતાં? - **ઈ.સ.૧૫૩૭** ● 'હરિનો માર્ગ છે શૂરાનો' - પદરચના કોની છે? - **કવિ પ્રીતમદાસ** ● મહાકવિ પ્રેમાનંદનો મુખ્ય વ્યવસાય શું હતો? - **માણભટ્ટ** ● પ્રથમ ગુજરાતી શાળા ક્યાં અને ક્યારે શરૂ થઈ? - **સુરત - ઈ.સ. ૧૮૩૬** ● કવિ કાન્તનું મૂળ નામ શું હતું? - **મણિશંકર રત્નજી ભટ્ટ** ● "જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરું". — આવી પ્રતિજ્ઞા કોણે લીધી હતી? - **મહા કવિ પ્રેમાનંદ** ● સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનું તખલ્લુસ જણાવો. - **કલાપી** ● કવિ કલાપીનો કયો કાવ્યસંગ્રહ ખૂબ પ્રસિદ્ધ છે? - **કલાપીનો કેકારવ** ● કલાપી કયા રાજ્યના રાજવી હતા? - **લાઠી** ● 'મને એ જોઈને હસવું હજારોવાર આવે છે, પ્રભુ! તારાં બનાવેલાં આજે તને બનાવે છે!' — પ્રસ્તુત પંક્તિ કયા ગઝલકારની છે? - **હરજી લવજી દામાણી 'શયદા'** ● 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' — પંક્તિ કયા કવિની છે? - **કવિ કલાપી** ● 'જનનીની જોડ સખી, નહીં જડે રે લોલ' — જાણીતી કાવ્યપંક્તિના રચયિતા કોણ છે? **દામોદર ખુશાલદાસ બોટાદકર** ● રણજિતરામ વાવાભાઈ મહેતાને નામે કઈ સંસ્થા દ્વારા રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવે છે? - **ગુજરાત સાહિત્યસભા** ● ગાંધીજીને સત્યવ્રતધારક બનવા બાળપણમાં કયા નાટકે પ્રેરણા પૂરી પાડી હતી? - **સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર** ● કયા બિનગુજરાતી સાહિત્યકાર 'સવાઈ ગુજરાતી' તરીકે ગણના પામ્યા હતા? - **કાકાસાહેબ કાલેલકર** ● 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.' — આ વિધાન કોણે કર્યું છે? - **મહાત્મા ગાંધી** ● સ્વામી આનંદનું મૂળ નામ શું છે? - **હિંમતલાલ રામચંદ્ર દવે** ● 'સુન્દરમ્'નું મૂળ નામ જણાવો. - **ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર** ● 'દર્શક' ઉપનામ કયા વિખ્યાત સાહિત્ય સર્જકનું છે? - **મનુભાઈ રાજારામ પંચોળી** ● ગુજરાતી હાસ્યસાહિત્યના 'હાસ્ય સમ્રાટ' નું બિરુદ કોને મળ્યું છે? - **જ્યોતીન્દ્ર હ. દવે** ● 'જય જય ગરવી ગુજરાત' કાવ્ય રચના કોની છે? - **કવિ નર્મદ** ● ગુજરાતમાં રેલવે ટ્રેઈનિંગ કૉલેજ કયા શહેરમાં આવેલી છે? - **વડોદરા** ● ગુજરાતની સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ?- **દાંતીવાડા - ઈ.સ. ૧૯૭૩** ● શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ? - **વેરાવળ - ઈ.સ.૨૦૦૮** ● ગુજરાતની એકમાત્ર આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના કયાં અને કયારે થઈ? - **જામનગર, ઈ.સ.૧૯૬૭** ● દેશભરમાં આર્કિટેક્ટના અભ્યાસ માટે જાણીતી 'ઝર્ઈ' ની સ્થાપના કયાં અને કયારે થઈ? - **અમદાવાદ, ઈ.સ.૧૯૬૩** ● ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી ક્યાં આવેલી છે? - **ગાંધીનગર** ● ગુજરાતમાં H.S.C.E. અને S.S.C.E. બોર્ડની શરૂઆત ક્યારે થઈ? - **ઈ.સ.૧૯૭૨** ● IIM-Aની સ્થાપનાનું શ્રેય કોને ફાળે જાય છે? - **ડૉ. વિક્રમ સારાભાઈ** ● ડિઝાઇન માટેની કઈ વિશ્વપ્રસિદ્ધ સંસ્થા ગુજરાતમાં આવેલી છે? કયાં? - **નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન- અમદાવાદ** ● ઍટેમિક શિક્ષણ માટે ગુજરાતમાં કઈ સંસ્થા કાર્યરત છે? - **ભાભા ઍટેમિક રિસર્ચ સૅન્ટર (બીએઆરસી)** ● એલ.ડી.ઍન્જિનિયરિંગ કૉલેજનું આખું નામ શું છે? - **લાલભાઈ દલપતભાઈ કૉલેજ ઑફ ઍન્જિનિયરિંગ** ● ગુજરાતમાં સૌપ્રથમ કઇ કૉલેજ શરૂ થઈ? - **ગુજરાત કૉલેજ - અમદાવાદ ઈ.સ.૧૮૮૭** ● દૂરવર્તી શિક્ષણ માટેની ગુજરાતની પ્રસિદ્ધ યુનિવર્સિટી કઈ છે? - **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી** ● અમદાવાદમાં મંદબુદ્ધિના બાળકોને તાલીમ આપતી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા કઈ છે? - **બી.એમ.ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅન્ટલ હૅલ્થ** ● ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ કયો સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવે છે? - **રણજિતરામ સુવર્ણચંદ્રક**

● વેધશાળાની સ્થાપના ક્યાં અને ક્યારે થઈ? - **અમદાવાદ - ઈ.સ.૧૯૪૭** ● શિક્ષણ ક્ષેત્રે પોતાનું અમૂલ્ય પ્રદાન આપી રહેલી સરદાર પટેલ યુનિવર્સિટી ક્યાં આવેલી છે? - **વલ્લભ વિદ્યાનગર** ● કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે ગ્રામલક્ષી અને સર્વોદયલક્ષી કેળવણી માટે કઈ કઈ સંસ્થાઓ સ્થાપી? - **ગ્રામદક્ષિણામૂર્તિ - આંબલા અને લોકભારતી - સણોસરા** ● 'મૂછાળી મા' નામે ઓળખાતા ગુજરાતી બાળસાહિત્યકારનું નામ આપો. - **ગિજુભાઈ બધેકા** ● ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિના આદ્યપ્રણેતા કોણ ગણવામાં આવે છે? - **મહર્ષિ અરવિંદ** ● મજૂર મહાજન સંઘની સ્થાપના કોણે કરી હતી? - **મહાત્મા ગાંધી** ● કસ્તૂરબાને જેલમાં કોણે ભણતર પૂરું પાડ્યું? - **પૂર્ણિમાબહેન પકવાસા** ● ગાંધીજી કોને પોતાનો પાંચમો પુત્ર ગણતા? - **જમનાલાલ બજાજ** ● સોલંકી વંશના પ્રસિદ્ધ રાજવી સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં કોને 'કલિ કાલ સર્વજ્ઞ'નું બિરુદ પ્રાપ્ત થયું હતું? - **હેમચંદ્રાચાર્ય** ● ગુજરાતમાં સૌપ્રથમ અનાથ આશ્રમની પ્રવૃત્તિ શરૂ કરનાર સુધારક કોણ હતા? - **મહિપતરામ રૂપરામ** ● વડોદરાનો વૈભવી લક્ષ્મીવિલાસ પૅલેસ કોણે બનાવ્યો હતો? - **મહારાજા સયાજીરાવ ગાયકવાડ** ● અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટીની સ્થાપના કોણે કરી હતી? - **કસ્તુરભાઈ લાલભાઈ** ● એએમએ, આઈઆઈએમ અને પીઆરએલ કયા મહાનુભાવની દીર્ઘ દૃષ્ટિનું પરિણામ છે? - **ડૉ. વિક્રમ સારાભાઈ** ● અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં સર્વપ્રથમ ભારતીય પ્રમુખ કોણ હતાં? - **રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ** ● ગુજરાતમાં સૌપ્રથમ રેડિયો કેન્દ્ર કોણે શરૂ કરાવ્યું? - **મહારાજા સયાજીરાવ ગાયકવાડ-વડોદરા** ● જ્યોતિસંઘની સ્થાપના કોણે કરી હતી? - **મૃદુલા સારાભાઈ** ● સ્ત્રીપાત્રોની ભૂમિકાને રંગભૂમિ પર જીવંત કરનાર નટ કોણ હતા? - **જયશંકર સુંદરી** ● સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાના અધ્યક્ષ કોણ હતા? - **ગણેશ વાસુદેવ માવળંકર** ● સ્વતંત્ર ભારતની બંધારણ સભાના અધ્યક્ષ તરીકે સૌપ્રથમ કયા ગુજરાતીની નિમણૂક થઈ હતી? - **ગણેશ વાસુદેવ માવળંકર** ● અડાલજની વાવ કોણે અને કયા વર્ષમાં બનાવી હતી? - **રાણી રૂડાબાઈ - ઈ.સ.૧૪૯૯** ● આઝાદી પછી સૌરાષ્ટ્રના લોકશાહી રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ બન્યા? - **ઉચ્છંગરાય ઢેબર** ● ભારતીય ભૂમિસેનાના પ્રથમ ગુજરાતી ફિલ્ડમાર્શલ કોણ હતા? - **જનરલ માણેકશા** ● ગુજરાતની પ્રથમ સરકારને બંધારણના શપથ કોણે લેવડાવ્યા હતા? - **રવિશંકર મહારાજ** ● અમદાવાદ ટેક્ષટાઈલ લેબર એસોશિયેશનની સ્થાપના કોણે કરી હતી? - **મહાત્મા ગાંધી** ● હડપ્પીય સંસ્કૃતિના મહત્ત્વના સ્થળ લોથલની શોધ કયા પુરાતત્ત્વશાસ્ત્રીએ કરી હતી? - **ડૉ. એસ.આર.રાવ** ● કચ્છમાં દર વર્ષે કોની યાદમાં મેળો ભરાય છે? - **સંત મેકરણ દાદા** ● સંતરામ મહારાજનું પ્રખ્યાત મંદિર ક્યાં આવેલું છે? - **નડિયાદ** ● વસ્તુપાળને ગુજરાતના મહા અમાત્યનું પદ કોણે આપ્યું? - **રાજા વિશળદેવ વાઘેલા** ● સ્વાતંત્ર્ય સેનાની શ્યામજીકૃષ્ણ વર્માએ લંડનમાં સ્થાપેલા વિદ્યાર્થી છાત્રાલયનું નામ આપો. - **ઈન્ડિયા હાઉસ** ● રંગ અવધૂત મહારાજનું મૂળ નામ શું હતું? - **પાંડુરંગ વિઠ્ઠલા વળામે** ● કયા સંતે બાંધેલી ઝૂંપડી સતાધારના નામથી પ્રખ્યાત બની? - **સંતશ્રી આપા ગીગા બાપુ** ● બજરંગદાસ બાપાએ ક્યાં સમાધિ લીધી હતી? - **બગદાણા** ● મહુડી જૈન તીર્થની સ્થાપના કોણે કરી હતી? - **આચાર્ય બુદ્ધિસાગરજી** ● છાપખાનું શરૂ કરનાર પ્રથમ ગુજરાતી કોણ હતા? - **દુર્ગારામ મહેતા (ઈ.સ.૧૮૪૨ સુરત)** ● ગુજરાતી ભાષાના પ્રથમ કોશકાર કોણ હતા?- **કવિ નર્મદ (ઈ.સ.૧૮૭૩)** ● ભવાઈના પ્રણેતાનું નામ જણાવો - **.અસાઈત ઠાકર** ● ગાંધીજીએ કઇ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો? - **શામળદાસ કૉલેજ-ભાવનગર** ● પોરબંદરમાં મહાત્મા ગાંધી કીર્તિમંદિર કોણે બંધાવ્યું છે? - **નાનજી કાલિદાસ મહેતા** ● અમદાવાદમાં આવેલી અને સ્થાપત્યકળાનો ઉત્તમ નમૂનો એવી જુમ્મા મસ્જિદ કોણે બંધાવી હતી? - **અહમદશાહ બાદશાહ** ● ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા? - **રણજિતરામ વાવાભાઈ** ● ગુજરાતના કયા અણુવિજ્ઞાનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે સૌપ્રથમ નામના મેળવી હતી? - **ડૉ. હોમી ભાભા** ● ઉશનસ્ કયા કવિનું ઉપનામ છે? - **નટવરલાલ પંડયા** ● કવિ રાજેન્દ્ર શાહને કયા કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ અવૉર્ડ એનાયત થયો હતો? - **નિરુદ્દેશે** ● સાબર ડેરીની સ્થાપના કોણે કરી હતી? - **ભોળાભાઈ ખોડીદાસ પટેલ** ● પાવાગઢમાં મહાકાળી માતાજીની સ્થાપના કોણે કરી છે ?- **વિશ્વામિત્ર ઋષિ** ● મૌન મંદિરના સ્થાપક કોણ હતા? - **પૂજ્ય શ્રી મોટા** ● લંડનમાં 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર કોણે શરૂ કર્યું હતું? - **શ્યામજીકૃષ્ણ વર્મા** ● શૅક્સપિયર રચિત નાટક હેમ્લેટનું પૃથ્વી છંદમાં ભાષાંતર કોણે કર્યું છે? - **હંસા મહેતા** ● ઈ.સ. ૧૮૪૯માં ગુજરાતી ભાષાનું પ્રથમ સાપ્તાહિક કોણે પ્રકાશિત કર્યું? - **એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ** ● ગુજરાતી ભાષાની પ્રથમ હાસ્યનવલ આપનાર લેખક કોણ હતા? - **રમણલાલ નીલકંઠ** ● ગુજરાતી મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ના લેખક કોણ છે? - **ગોવર્ધનરામ ત્રિપાઠી** ● ગુજરાતમાં સૌપ્રથમ એમ.એ.ની પદવી કોણે મેળવી હતી? - **અંબાલાલ સાંકરલાલ દેસાઈ** ● ગુજરાતનાં કયા અગ્રણી ઉદ્યોગપતિએ કેલિકો મિલની સ્થાપના કરી હતી? - **અંબાલાલ સારાભાઈ** ● ગુજરાતના જાણીતા ભીલ લોકગાયિકા કોણ છે? - **દિવાળીબહેન ભીલ** ● ડાંગની દાદી તરીકે કોણ જાણીતું છે? - **પૂર્ણિમાબહેન પકવાસા** ● ગાંધીજીએ કયા સ્વાતંત્ર્ય સેનાની મહિલાને શસ્ત્ર રાખવાની છૂટ આપી હતી? - **પૂર્ણિમાબહેન પકવાસા** ● ભારતની સૌપ્રથમ મોર્ડન ડાયસ્ટફ કંપની કોણે સ્થાપી? - **કસ્તુરભાઈ લાલભાઈ (અતુલ લિમિટેડ, ૧૯૫૨)** ● હિંદી ફિલ્મોના જાણીતા ગુજરાતી અભિનેતા સંજીવકુમારનું મૂળ નામ શું હતું? - **હરિલાલ જરીવાલા** ● ભાવનગરના કયા દીવાનને લોકો આજે પણ તેમની તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા અને લોકોપયોગી કાર્યોને કારણે યાદ કરે છે? - **પ્રભાશંકર પટ્ટણી** ● ગુજરાતમાં વેદમંદિરોના સ્થાપક કોણ હતા? - **સ્વામી ગંગેશ્વરાનંદજી** ● ઇંગ્લૅંડ જનારા સૌપ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ હતા? - **મહિપતરામ નીલકંઠ** ● ગુજરાતનું પ્રથમ તેલક્ષેત્ર ક્યાં આવેલું છે ? - **લુણેજ** ● ગાંધીજી યુવા કાળે દક્ષિણ આફ્રિકામાં કઈ કંપનીની તરફેણમાં કેસ લડવા ગયા હતા? - **દાદા અબદુલ્લા ઍન્ડ કંપની** ● ગીરાધોધ કઈ નદી પર આવેલો છે? - **અંબિકા** ● સુરત પાસે કયો દરિયાકિનારો પ્રખ્યાત છે? - **ડુમ્મસ** ● દક્ષિણ ગુજરાતમાં કયું હવા ખાવાનું સ્થળ આવેલું છે? - **સાપુતારા** ● કયા શહેરને ફૂલોનું શહેર કહેવામાં આવે છે? - **પાલનપુર** ● 'પીરોટન' ટાપુ સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલા છે? - **જામનગર** ● કચ્છમાં ગુજરાતનું ક્યું ખાનગી આધુનિક બંદર આવેલું છે? - **મુન્દ્રા** ● જૂનાગઢમાં ઉપરકોટમાં કઈ વાવ જોવાલાયક છે? - **અડી કડીની વાવ** ● ગુજરાતનું સૌથી મોટું બંદર કયું છે? - **કંડલા** ● નારાયણ સરોવર મંદિર કયા જિલ્લામાં આવેલું છે? - **કચ્છ** ● નર્મદા નદીનું પાણી અન્ય કઈ નદીને મળે છે? - **સાબરમતી નદી અને સરસ્વતી નદી** ● ગુજરાતમાં કુલ કેટલા મુખ્ય બંધ આવેલા છે? - **પાંચ** ● નર્મદા નદી કયા કયા રાજ્યોમાંથી પસાર થાય છે? - **મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત** ● દાંતીવાડા બંધ કઈ નદી પર બાંધવામાં આવેલો છે? - **બનાસ નદી** ● ગુજરાતના કયા જિલ્લામાં સૌથી વધારે ચેકડેમ આવેલા છે? - **રાજકોટ** ● સિક્કા થર્મલ પાવર સ્ટેશન ક્યાં આવેલું છે? - **જામનગર** ● ગુજરાતના કયા બંધને 'મેગા પ્રૉજેકટ' તરીકે ગણવામાં આવે છે? - **ઉકાઈ બંધ** ● ગુજરાતનું 'નેશનલ મરીન પાર્ક' કયાં આવેલું છે? - **જામનગર** ● ખંભાતના અખાતમાં કયો બેટ આવેલો છે? - **અલિયા બેટ** ● જામનગર પાસે કયા ટાપુનો સમૂહ છે? - **પિરોટન** ● શિયાળામાં નળ સરોવરની મુલાકાતે આવતા યાયાવર પક્ષીઓમાં સૌથી વિશેષ આકર્ષણ કયા પક્ષીનું હોય છે? - **સૂરખાબ (ફ્લેમિંગો)** ● સાપુતારા પર્વતમાળા કેટલી ઊંચાઈ પર આવેલી છે? - **૧૦૦૦ મીટર** ● આજવા ડેમ કોણે બનાવ્યો હતો? - **મહારાજા સયાજીરાવ ગાયકવાડ** ● દ્વારકાનું મંદિર કઈ નદીના કાંઠા ઉપર આવેલું છે? - **ગોમતી નદી** ● ગુજરાતનું સૌથી ઊંચું પર્વતશિખર કયું છે? - **ગોરખનાથ- ગિરનાર (૧,૧૧૭ મીટર)** ● ગુજરાતના કયા જોવાલાયક બંદરનો ફ્રી ટ્રેડ ઝોન તરીકે વિકાસ થયો છે? - **કંડલા** ● અંબાજીની નજીકમાં આવેલું ક્યું સ્થળ તેની આરસ પરની અદ્ભુત કોતરણી માટે જાણીતું છે?- **કુંભારિયાનાં દેરા** ● ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા? - **મહાત્મા ગાંધી** ● CEPT નું આખું નામ શું છે? - **સૅન્ટર ફૉર ઍન્વાયર્નમેન્ટ પ્લાનિંગ ઍન્ડ ટેક્નોલોજી** ● અટિરાનું આખું નામ શું છે? - **અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ ઍન્ડ રિસર્ચ એસોસિએશન** ● ગુજરાતી ભાષાના પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહ માટે કઈ સંસ્થા કાર્યરત હતી? - **ફાર્બસ ગુજરાતી સભા** ● ગુજરાતના પ્રથમ મહિલા કુલપતિ કોણ હતા?- **હંસા મહેતા** ● ગુજરાતની સૌપ્રથમ લૉ યુનિવર્સિટી ક્યાં આવેલી છે? - **ગાંધીનગર** ● સર્વોચ્ચ અદાલતના સૌપ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ કોણ હતા? - **હરિલાલ કણિયા** ● અમદાવાદના પ્રથમ મેયર કોણ હતા? - **ચિનુભાઈ ચિમનભાઈ બેરોનેટ** ● અમદાવાદનો ભદ્રનો કિલ્લો કયા વર્ષમાં બંધાયો હતો? - **ઈ.સ. ૧૪૧૧** ● દ્વારકાધિશનું નિજમંદિર સૌપ્રથમવાર કોણે બંધાવ્યું હતું? - **વ્રજનાભ**

● ગુજરાતમાં અમદાવાદ ખાતે પહેલી લૉ કોલેજ સ્થાપનાર કોણ હતા? - **સર લલ્લુભાઈ આશારામ શાહ** ● કેન્દ્રીય ધારાસભાનાં પ્રથમ ભારતીય અધ્યક્ષ પ્રથમ ગુજરાતી કોણ હતા? - **વિઠ્ઠલભાઈ પટેલ** ● નવસારી કઈ નદીના કિનારે આવેલું છે? - **પૂર્ણા** ● ટૉલ્સટોયની 'વૉર ઍન્ડ પીસ' મહાનવલનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે? - **જયંતિ દલાલ** ● સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી કઈ છે? - **ભાદર** ● ગુજરાતમાં સૌથી જૂનું મ્યુઝિયમ કયું છે? - **કચ્છ મ્યુઝિયમ** ● સરદાર સરોવર વિશ્વનો કયા નંબરનો કોંક્રિટ ગ્રેવિટી ડેમ છે? - **બીજા** ● ગુજરાતની કઈ નદી દર વર્ષે રેતીના ઢગમાં ફેરવાય છે? - **કોલક (દક્ષિણ ગુજરાત)** ● ગુજરાત પ્રવાસન નિગમની સ્થાપના ક્યારે થઈ? - **ઈ.સ. ૧૯૭૫** ● સરદાર સરોવર યોજના પૂર્ણ થતા કેટલા મેગાવોટ વિદ્યુત ઉત્પન્ન થવાની સંભાવના છે? - **૧૪૫૦ મેગાવોટ** ● કયા જિલ્લાઓ મહી નદી પરના બંધના કારણે લાભાર્થી બન્યા છે? - **પંચમહાલ, ખેડા, આણંદ** ● હેમચંદ્રાચાર્યે સ્થાપેલું જ્ઞાનમંદિર ગુજરાતમાં ક્યાં આવેલું છે? - **પાટણ** ● કચ્છ જિલ્લાનું વડું મથક કયું છે? - **ભુજ** ● ગાંધીજીને રાજકારણમાં આવતા પહેલાં એક વર્ષ સુધી રાજકારણનો અભ્યાસ કરવા એક વિદેશી મહિલાએ સૂચવ્યું. એ મહિલા કોણ હતા? - **એની બેસન્ટ** ● ગુજરાતના કયા જિલ્લાને સૌથી લાંબો દરિયા કિનારો મળેલો છે? - **જામનગર** ● સૌરાષ્ટ્રનો ઉચ્ચપ્રદેશ શેનો બનેલો છે? - **બેસાલ્ટનાં અગ્નિકૃત ખડક** ● ગુજરાતની અધિકતમ બારમાસી નદીઓ કયા પંથકમાંથી વહે છે? - **દક્ષિણ ગુજરાત** ● પોરબંદર અને જામનગર જિલ્લાને જોડતો ડુંગર કયો છે? - **બરડો** ● ગુજરાતમાં કયા મોસમી પવનો વરસાદ આપે છે? - **નૈઋત્યકોણીય** ● શ્રી અરવિંદ ઘોષ ગુજરાતમાં કઈ યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા? - **મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી - વડોદરા** ● ગુજરાતની ઉત્તર સરહદે પથરાયેલી પર્વતમાળા કઈ છે? - **અરવલ્લી** ● ગુજરાતનું પહેલું પુસ્તકાલય કયું છે? - **હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ** ● શાહજહાંએ બંધાવેલો મોતીશાહી મહેલ ક્યાં આવેલો છે? - **અમદાવાદ** ● કોના શાસનકાળ દરમ્યાન ગુજરાતનું પાટનગર અમદાવાદથી ચાંપાનેર ખસેડાયું? - **મહંમદ બેગડો** ● અમદાવાદથી સુરત વચ્ચે રેલવેની પ્રથમ શરૂઆત ક્યારે થઈ? - **૨૦-૦૧-૧૮૬૩** ● ગૂજરાત વિદ્યાપીઠને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો ક્યારે મળ્યો? - **ઈ.સ.૧૯૬૩** ● અંગ્રેજ સમયમાં સરકારી કેળવણીનો બહિષ્કાર કરવા માટે કઈ સંસ્થા સ્થાપવામાં આવી? - **ગૂજરાત વિદ્યાપીઠ** ● ગુજરાતમાં સર્વ પ્રથમ આયુર્વેદ કૉલેજની સ્થાપના ક્યાં અને ક્યારે થઇ હતી? - **પાટણ - ઈ.સ.૧૯૨૩** ● ગુજરાતની સૌપ્રથમ કૉમર્સ કૉલેજનું નામ આપો. - **એચ.એલ. કૉમર્સ કૉલેજ અમદાવાદ - ઈ.સ.૧૯૩૭** ● સંસ્કૃત અને અંગ્રેજી સંસ્કારવાળી ગદ્યશૈલી ગુજરાતના કયા કવિની રચનાઓમાં વિકસેલી જોવા મળે છે? - **સુન્દરમ્** ● ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓનું વડું મથક કયું છે? - **દાંતીવાડા** ● ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હતા? - **હરસિદ્ધભાઈ દિવેટિયા** ● કયા ગુજરાતી ઈંગ્લૅંડની ઉમરાઉ સભાના સદસ્ય તરીકે નીમાયા હતા? - **લોર્ડ મેઘનાદ દેસાઈ** ● દાંડીકૂચ દરમિયાન પોતાની ધરપકડ થાય તો દાંડીકૂચનું નેતૃત્વ કરવા માટે ગાંધીજીએ કોની પસંદગી કરી હતી? - **અબ્બાસ તૈયબજી** ● કચ્છમાં ગરીબદાસજી ઉદાસીન આશ્રમની સ્થાપના કોણે કરી હતી? - **ગુરુ નાનકના શિષ્ય શ્રીચંદ** ● ગુજરાતની ભૌગોલિક સીમાઓનો વિસ્તાર કયા કુળનાં શાસનમાં સૌથી વધારે થયો? - **સોલંકી વંશ** ● આદિવાસીઓના ઉત્થાન માટે દક્ષિણ ગુજરાતમાં વેડછી ખાતે આશ્રમશાળા કોણે સ્થાપી હતી? - **જુગતરામ દવે** ● સ્વાતંત્ર્ય ચળવળનું ચિહ્ન 'ચક્ર' રાખવાનું ગાંધીજીને કોણે સૂચવ્યું હતું? - **ગંગાબેન મજમુદાર** ● જાણીતી શૈક્ષણિક સંસ્થા વલ્લભ વિદ્યાનગર અને ચરોતર ઍજ્યુકેશન સોસાયટીના આદ્યસ્થાપક કોણ હતા? - **ભાઈલાલ પટેલ** ● ભારત - પાકિસ્તાનના ભાગલા પછી બંને દેશોની મિલકત અને જવાબદારીઓની વહેંચણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ગુજરાતી કોણ હતા? - **એચ. એમ. પટેલ** ● સૌરાષ્ટ્રનું સૌથી મોટું બંદર કયું છે? - **ઓખા** ● નર્મદા નદીની લંબાઈ કેટલી છે? - **૧૨૮૯ કિ.મી.** ● ગુજરાતમાંથી પસાર થતો સૌથી વધુ વ્યસ્ત નેશનલ હાઈવે કયો છે? - **નેશનલ હાઈવે — નં. ૮** ● લીલી વનરાજી તથા દરિયાકિનારાના સૌંદર્યથી મઢાયેલા ઉભરાટ (જિ.નવસારી)માં કયા વૃક્ષો વિશેષ પ્રમાણમાં છે? - **સરુ અને તાડનાં વૃક્ષો** ● ગુજરાતમાં રેલવેનો ક્યો ઝોન લાગુ પડે છે? - **વેસ્ટર્ન ઝોન** ● ગુજરાતનો દરિયાકિનારો ભારતનાં દરિયાકિનારાનો કેટલો વિસ્તાર આવરી લે છે? - **ત્રીજા ભાગનો વિસ્તાર** ● ઉનાથી ચોરવાડ વચ્ચેનો વિસ્તાર કયા નામે ઓળખાય છે? - **નાઘેર** ● ઘેડ પંથક કયા જિલ્લામાં આવેલો છે? - **જુનાગઢ** ● જૂનાગઢનો કયો પ્રદેશ સમુદ્રતળ કરતાં પણ નીચો છે? - **ઘેડ** ● અમદાવાદના મેદાન પ્રદેશનો દક્ષિણ — પશ્ચિમભાગ કે જે ઘઉંના ઉત્પાદન માટે જાણીતો છે તે કયા નામથી ઓળખાય છે? - **ભાલ** ● ભૌગોલિક દષ્ટિએ કચ્છ અને સૌરાષ્ટ્ર કયા નામે ઓળખાય છે? - **દ્વીપકલ્પીય ગુજરાત** ● ગુજરાતમાં ચેરના વૃક્ષોનું જંગલ કયાં આવેલું છે? - **જામનગર અને કચ્છના દરિયા કિનારા પાસે** ● વિશ્વપ્રસિદ્ધ વલભી વિદ્યાપીઠની સ્થાપના કયા વંશ દરમ્યાન થઈ હતી? - **મૈત્રક વંશ** ● બાદશાહનો હજીરો અને રાણીનો હજીરો નામની ઈમારત અમદાવાદમાં કયા સ્થળે આવેલી છે? - **માણેકચોક** ● ગુજરાતની વડી અદાલતના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ કોણ હતા? - **સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ** ● 'દાંડીકૂચ' કયા સત્યાગ્રહનો ભાગ હતો? - **ધરાસણા સત્યાગ્રહ** ● ત્રણેય દિલ્હી દરબારમાં હાજર રહેલા એક માત્ર રાજવીનું નામ આપો. - **ખેંગારજી ત્રીજા (કચ્છના મહારાજા)** ● ચંદ્રગુપ્ત મૌર્યે જૂનાગઢમાં કયું જળાશય બંધાવ્યું હતું? - **સુદર્શન તળાવ** ● ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઈ હતી? - **ઈ.સ.૧૯૪૯** ● ગાંધીજીના નઈ તાલીમ શિક્ષણ વિચારના તત્ત્વો સૌપ્રથમ કયા કમિશનની ભલામણમાં જોવાં મળ્યાં હતાં? - **કોઠારી કમિશન (૧૯૬૪ — ૬૬)** ● કયા ગુજરાતી મહિલા સ્વાતંત્ર સેનાની મ.સ. યુનિ.ના કુલપતિ પણ રહી ચૂક્યા છે? - **ડૉ. હંસાબહેન મહેતા** ● અમદાવાદના એલિસબ્રિજના સ્થપતિ કોણ હતા? - **રાવ બહાદુર હિંમતલાલ ધીરજરામ** ● કયા ઋષિએ ભરૂચ શહેર વસાવ્યું હતું તેમ માનવામાં આવે છે? - **મહર્ષિ ભૃગુ** ● ગુજરાતી ગૃહિણીઓમાં અપાર લોકચાહના મેળવનાર 'ઘરઘરની જ્યોત' કૉલમના લેખિકા કોણ હતાં?- **વિનોદિની નીલકંઠ** ● ગુજરાતમાં વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કોણે કરી? - **એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ** ● અમદાવાદમાં સૌપ્રથમ આયુર્વેદિક કૉલેજની સ્થાપના કોણે કરી હતી? - **ભિક્ષુ અખંડાનંદ** ● ગુજરાતનું ખનીજતેલનું સૌથી વધુ ઉત્પાદન કરતું શહેર કયું છે? - **અંકલેશ્વર** ● ગુજરાતમાં લાલ રંગનો ડોલેમાઈટ આરસ ક્યાં મળે છે? - **છુછાપુરા (વડોદરા)** ● સાબરકાંઠા જિલ્લાનું વડું મથક કયું છે? - **હિંમતનગર** ● ભારતનું બંધારણ ઘડવામાં ડૉ.બી.આર.આંબેડકર સાથે મહત્ત્વની ભૂમિકા ભજવનાર ગુજરાતી મહાનુભાવ કોણ હતા? - **કનૈયાલાલ મુનશી** ● મેશ્વો બંધ યોજનાનું સ્થળ કયું છે? - **શામળાજી** ● પાલનપુર નજીક કયો રિસોર્ટ આવેલો છે? - **બાલારામ રિસોર્ટ** ● ગુજરાતના કયા જિલ્લાને સૌથી ઓછા તાલુકા છે? કેટલા? - **ડાંગ, એક (તાલુકો ડાંગ)** ● લોકભારતી - સણોસરા દ્વારા વિકસાવવામાં આવેલી ઘઉંની જાત જણાવો. - **લોકવન** ● ગુજરાતના કયા જિલ્લામાં ઘોરડ પક્ષી જોવા મળે છે? - **કચ્છ** ● દ્વારકા અને ઓખા વચ્ચે આવેલો પંથક કયા નામે ઓળખાય છે? - **ઓખા મંડળ** ● કાનમનો પ્રદેશ કયા પાક માટે જાણીતો છે? - **કપાસ** ● ગુજરાતનું કયું સ્થળ એશિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ ગણાય છે? - **જામનગર** ● ગુજરાતમાં બૉકસાઈટ ક્યા જિલ્લામાંથી મળે છે? - **જામનગર** ● ગુજરાત રાજ્યમાં ૨૦૦૯-૨૦૧૦ના આંક મુજબ કુલ કેટલાં બંદર આવેલાં છે? - **૪૧** ● જૂનાગઢમાં આવેલા ઐતિહાસિક કિલ્લાનું નામ શું છે? - **ઉપરકોટનો કિલ્લો** ● ગુજરાત રાજ્યની સ્થાપનાનો મહા સમારોહ કયાં યોજવામાં આવ્યો હતો? - **સાબરમતી આશ્રમ, અમદાવાદ** ● ગુજરાતમાં પ્રાચીન સમયમાં કયું બંદર વેપારી પ્રવૃત્તિથી ધીકતું હતું? - **ભૃગુકચ્છ** ● સુપ્રસિદ્ધ પુરાતત્ત્વશાસ્ત્રી ડૉ. હસમુખ સાંકળિયાએ કયા ગામના ટીંબાનું ઉત્ખનન કરીને ગુજરાતમાં પાંગરેલી પ્રાગ-ઐતિહાસિક સંસ્કૃતિના પુરાવા મેળવ્યા હતા? - **લાંઘણજ** ● વિશ્વરૂપ વિષ્ણુની ભવ્ય પ્રતિમા ગુજરાતમાં કયાં આવેલી છે?- **શામળાજી** ● નવાનગર રજવાડાની સ્થાપના કોણે કરી હતી? - **જામ રાવલ** ● મદ્રાસ રાજ્યના સૌપ્રથમ ગવર્નર બનનાર ગુજરાતી રાજવી કોણ હતા? - **મહારાજા કૃષ્ણકુમારસિંહજી** ● ગુપ્ત યુગ દરમ્યાન કયા ગુજરાતમાં હિંદુ ધર્મના કયા સંપ્રદાયનો પ્રચાર થયો? - **વૈષ્ણવ** ● ગુજરાતની સૌપ્રથમ ફાઇન આર્ટ્સ કૉલેજ કયા શહેરમાં સ્થપાઈ હતી? - **વડોદરા** ● ટેક્સટાઇલ સંશોધન ક્ષેત્રે કાર્યરત સંસ્થા અટિરાની સ્થાપના કોણે સાથે મળીને કરી હતી? - **ડૉ. વિક્રમ સારાભાઈ, કસ્તુરભાઈ લાલભાઈ, શાંતિસ્વરૂપ ભટ્નાગર** ● ગાંધી વિચારધારા મુજબ કાર્યરત વિશ્વવિદ્યાલયનું નામ આપો. - **ગૂજરાત વિદ્યાપીઠ** ● ગુજરાતનાં સૌપ્રથમ મહિલા સ્નાતક થવાનું માન કોને મળ્યું છે?- **વિદ્યાગૌરી નીલકંઠ** ● જી.આઈ.ઈ.ટી.નું પૂરું નામ જણાવો. - **ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશન ટૅક્નોલોજી** ● સમગ્ર એશિયામાં રૂરલ મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રોફેશનલ્સ તૈયાર કરતી સંસ્થા કઈ છે? - **ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ - આણંદ (IRMA)** ● પ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ કોણ હતાં? - **નાનાભાઈ હરિદાસ** ● ગુજરાતના કયા મહાનુભાવ સૌપ્રથમ વખત રાજ્યપાલ બન્યા હતા? કયા રાજ્યમાં? - **ચંદુલાલ ત્રિવેદી - ઓરિસ્સા** ● અમેરિકાના રાજદૂત તરીકે સૌપ્રથમ કયા ગુજરાતીની નિમણૂક થઇ હતી? - **ગગનવિહારી મહેતા** ● લંડનમાં ઈન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી? - **શ્યામજીકૃષ્ણ વર્મા** ● અમદાવાદનો ભદ્રનો કિલ્લો કોણે બંધાવ્યો હતો? - **સુલતાન અહમદશાહ** ● નરસિંહ મહેતાનાં જીવન પર મીરાંબાઈએ કઈ કવિતા લખી હતી? - **નરસિંહ કા માહ્યરા**